# ઉજ્જીવન ફાઈનાન્શિયલનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશેઃ પ્રાઈઝ બેન્ડ રૂ.૨૦૭ થી રૂ.૨૧૦

અમદાવાદ : ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ (યુએફએસ અથવા કંપની)નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની - માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન (એનબીએફસી-એમએફઆઈ)છે, જાણે ૨૦૦૫માં નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની (એનબીએફસી)તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭,૮૯૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપતી હતી. કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૦૨ મે, ૨૦૧૬ના રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ રૂ.૨૦૭થી રૂ.૨૧૦, છે. એન્કર ઈન્વેસ્ટ બિડ/ઓફરનો સમયગાળો બિડ/ઓફર ઓપનિંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ, ૨૦૧૬ના રોજ રહેશે.

આઈપીઓમાં કંપનીના રૂ.૩,૫૮૧.૧.૬૧ મિલિયનના નવા ઈક્વિટી શેર ઈશ્યૂ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફઆઈએફ, એમયુસી, સર્વ કેપિટલ, ડબલ્યુસીપી અને ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૬૮,૩૩૨ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ઈશ્યૂ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ રૂ.૨,૯૧૮.૩૯ મિલિયનનું મૂલ્ય ધરાવતા ૧૪,૨૩૬,૦૫૭ ઈક્વિટી શેરનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કરયું છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઈઝમાં રૂ.૬,૫૦૦ મિલિયન મુજબ ઘટાડો થયો છે.

બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે કરવામાં આવેલી ઓફરમાં ઓફરનો ૫૦ ટકા હિસ્સો પ્રમાણસર આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સે (ક્યુઆઈપી પોર્શન)ને ફાળવવામાં આવશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપની અને વિક્રેતા શેરધારકો વિવેકને આદારે એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઇસ પર ક્યુઆઈપી પોર્શનને ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે (એન્કર ઈન્વેસ્ટર પોર્શન) એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો ઓછામાં ઓછા ૩૩ ટકા હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે, જે એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઇસ પર કે, તેનાથી વધારે કિંમત પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સને આધિન છે. એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો હિસ્સો ઓછા ભરાવવાના કે બિન-ફાળવણીના કેસમાં બાકીના ઈક્વિટી શેર ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો પ્રમાણસર આધારે તમામ ક્યુઆઈપી બિડર્સ (એન્કર ઈન્વેસ્ટર્સ સિવાય)ને ફાળવવા માટે ઉપલબ્ધ થશે, જેમા મ્યુચ્યુઅલ ફંડ સામેલ છે અને તે ઓફર પ્રાઈઝ પર કે તેનાથી વધારે કિંમતે પ્રાપ્ત થયેલી માન્ય બિડને આધિન છે.